# કાંતવું-વણવું

## *ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત*

નિયોલના પગ નીચેની ધરતી નરમ, સૂકી અને ગેરુઆ રંગની હતી. આ જમીન દેખાવમાં અનોખી અને ચિત્તાકર્ષક હતી, જોકે કહેવું જોઈએ કે મંત્રમુગ્ધ કરનારી પણ હતી. તે પથ્થર અને કાંકરાઓથી જડાઈ ગઈ હતી, તેમાંના દરેક પથ્થર અને કાંકરાઓ જુદાં જુદાં રૂપ-આકાર અને રંગના હતા. ત્યાં બધાં જ પ્રાણીઓ અને જીવજંતુઓએ તેમનું નિવાસ સ્થાન બનાવ્યું હતું. ત્યાં વનસ્પતિઓ પણ હતી જેણે આ ધરતીને તેની બનાવટ અને આકાર આપ્યો હતો, એક વાર્તા આપી હતી જેનાં મૂળ ઊંડા અને ક્યાંક ઘણાં નીચે હતાં.

તોપણ નિયોલને હંમેશાં આકાશમાં જ વધારે રસ હતો. તેના મનને આ અદ્ભુત જગતમાં ખોવાઈ જવા માટે કોઈક બહાનાની જરૂર નહોતી. નિઃસંદેહ તે દક્ષિણ-પશ્ચિમ અમેરિકામાં જ્યાં રહેતી હતી, ત્યાંનું આકાશ વિસ્મયજનક હતું. સૂર્યાસ્તના સમયે તે જાંબલી અને નારંગી રંગનું, સ્વપ્ન જેવું લાગતું હતું.

નિયોલ તેના ઘરની બહાર બેઠી હતી, તે સંધ્યા સમયના આકાશમાં વહી રહેલાં વાદળોને જોઈ રહી હતી. તેણે વાદળોમાં ઘણા આકારો જોયા : સસલું, પક્ષી, હૃદય અને મધમાખી.

જ્યારે તે પોતાની આંગળીઓથી આ આકારોને દોરી રહી હતી ત્યારે તેણે ક્યાંક નજીકથી એક અવાજ સાંભળ્યો. *ટપ, ટપ. ટપ, ટપ.* તેણે નીચે જોયું.

ત્યાં તેની સામે એક ગધેડું હતું જે ધૂળિયા રસ્તા પર ધીમે ધીમે ચાલી રહ્યું હતું. *ટપ, ટપ. ટપ, ટપ.* ગધેડાની પીઠ પર ઊનની એક મોટી ગાંસડી હતી.

*તે ચોક્કસ મારા પિતાજીની દુકાને જઈ રહ્યું હશે,* નિયોલે વિચાર્યું. તેના પિતા એક વણકર હતા અને ઊન કાંતીને તેના તાંતણામાંથી તેઓ હાથ વણાટથી કાપડ બનાવતા હતા. નિયોલ ફરી ઉપર વાદળોને જોવા લાગી.

*ટપ, ટપ.* ફરી પાછો તે જ અવાજ આવ્યો. આ વખતે એવું લાગ્યું કે રસ્તા પર ઘણાં બધાં પગલાંનો અવાજ હતો. નિયોલે નીચે જોયું અને નિઃશંકપણે ત્યાં એક બીજો ગધેડો હતો. તેણે ધ્યાનપૂર્વક જોયું તો ખરેખર ત્રણ ગધેડાં હતાં. અરે ના-ના, થોભ, ચાર! કે પછી તે પાંચ હતાં?

વાસ્તવમાં, ગધેડાંઓ એકની પાછળ એક આવી રહ્યાં હતાં અને તેની પીઠ પર ઊનની મોટી-મોટી ગાંસડીઓ બાંધી હતી. તેને જોઈને નિયોલને ચિંતા થવા લાગી. તેના પિતાજી આટલા બધાં ઊનનું શું કરશે? તે ક્યાં જશે? તે આટલું ઝડપથી તેનું કાપડ કેવી રીતે બનાવી શકશે? તેના પિતા પાસે તો માત્ર એક જ સાળ છે. તેને કોણ કાંતશે અને કોણ વણશે?

આકાશમાં અંધારું થવા લાગ્યું અને નિયોલની આંખો ઊંઘથી ઘેરાવા લાગી. *કોણ કાંતશે?* *તેણે સ્વયંને પ્રશ્ન કર્યો. કોણ વણશે?*

*કાંતવું, વણવું* ... તેના મનમાં ક્યાંક આ શબ્દો ઘૂમવા લાગ્યા. *કાંતવું, વણવું*... અને જલ્દી જ, નિયોલને ઊંઘ આવી ગઈ.

ઊંઘતા જ તેની આંખોની સામેનું દશ્ય બદલાઈ ગયું. હવે નિયોલ સ્વપ્ન જોઈ રહી હતી અને સ્વપ્નમાં તેણે જોયું કે ધૂંધળી દેખાઈ રહેલી આકૃતિઓનું ટોળું ક્યાંક દૂરથી તેની તરફ આવી રહ્યું હતું. જેમજેમ તે આકૃતિઓ નિયોલની નજીક આવતી ગઈ, તે સ્પષ્ટ દેખાવા લાગી. તે રેસાવાળી દેખાઈ રહી હતી. તેને ચાર પગ હતા. તેમાંના દરેકની ઉપર કોઈ પ્રકારનો બોજો લાદેલો હતો. ''અરે નહીં!'' નિયોલનો શ્વાસ રોકાઈ ગયો. ''ગધેડાંઓ!''

તેની આંખો ખૂલી ગઈ; તેણે ઊંડો શ્વાસ લીધો અને ત્યારે જ શ્વાસ છોડ્યો જ્યારે તેને લાગ્યું કે તેની ઉપર તો તારાઓ અને નિઃશબ્દ આકાશ છે. *આઽઽઽહ.* તે બેઠી થઈ ગઈ અને તેણે આંખો પટપટાવી.

અને પછી — તેણે ફરી પોતાની આંખો પટપટાવી. તેણે પોતાની આંખો ચોળી અને તેની સામે જે હતું તેને ધ્યાનથી જોયું. *નહીં.* તેણે વિચાર્યું. *એ બની જ ન શકે! ત્યાં* ફરી ગધેડાંઓ હતાં, બે, ચાર, છ અને તે એવી રીતે કૂચ કરીને ચાલી રહ્યાં હતાં જાણે તે કોઈક વિચિત્ર પ્રાણીઓના લશ્કરની ટૂકડી હોય. તેમની પીઠ પર બાંધેલી ઊનની ગાંસડી, તેમના દરેક પગલાં સાથે ઉપર–નીચે ઊછળી રહી હતી.

નિયોલના મનમાં ફરી પાછા પ્રશ્નો ઊઠવા લાગ્યા. *કોણ કાંતશે? કોણ વણશે?* ''આટલું બધું ઊન!'' તે મનમાં જ ગણગણી. ''આટલું બધું ઊન...''

ગધેડાંના વિચાર અને ઊનની છબિ તેના મસ્તિષ્ક પર પૂર્ણરીતે છવાઈ ગઈ હતી, નિયોલ ફરી જમીન પર આડી પડી ગઈ. તે કંઈ પણ વિચારે તે પહેલાં જ સ્વપ્નની દુનિયામાં પાછી ચાલી ગઈ હતી અને ફરી ત્યાં ગધેડાંઓ જ હતાં. ફરક એટલો જ હતો કે હવે તે સેંકડોની સંખ્યામાં હતાં અને તે જપ કરી રહ્યાં હતાં. *કોણ કાંતશે? કોણ વણશે?*

નિયોલ ફરીથી જાગી ગઈ અને સીધી બેસી જ ગઈ, તેણે જોયું — *નહીં, નહીં, નહીં!* ગધેડાંઓની એક બીજી પંક્તિ રસ્તા પરથી આવી રહી હતી. તે ધ્રુજવા લાગી. તેની હથેળીઓમાં પરસેવો વળવા લાગ્યો. તેને લાગ્યું, *તેની તબિયત સારી નથી.* તેણે પોતાનો હાથ કપાળ પર લગાવ્યો; તે થોડું ગરમ હતું. *મને તાવ છે!* તેણે વિચાર્યું.

ફરીથી તે જ પ્રશ્ન આવ્યો : *''કોણ કાંતશે અને કોણ વણશે?''* રાત વીતી ગઈ અને સવાર પડી ગઈ અને તે દરેક શ્વાસ સાથે આ પ્રશ્ન બોલી રહી હતી.

નિયોલના પિતા દરવાજા પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે તેને બોલતાં સાંભળી.

''નિયોલ, તું શું કહી રહી છે?'' તેમણે બહાર જતાં પૂછ્યું.

‘‘કોણ કાંતશે? કોણ વણશે?’’

નિયોલના પિતાએ તેના તરફ ચિંતાભરી નજરે જોયું.

‘‘તું શું કહેવા માંગે છે, ‘કોણ કાંતશે? કોણ વણશે?’ ’’

પછી તેમણે ગધેડાંઓને જોયા.

તેમણે કહ્યું, ‘‘સારું, તારે ચિંતા કરવાની જરૂર નથી. હું આ ઊનમાંથી કાપડ બનાવીશ.’’

નિયોલ સાંભળતી જ નહોતી. ‘‘કેટલું બધું ઊન છે!’’ તેણે આશ્ચર્ય સાથે કહ્યું. ‘‘કોણ કાંતશે? કોણ વણશે?’’

તેના પિતાએ ફરી એકવાર તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેનાથી કોઈ ફરક પડ્યો નહીં. તેથી તેમણે તેનું ધ્યાન બીજે દોરવા પ્રયત્ન કરતા, મેદાનમાં કેટલાક છોડ તરફ ઇશારો કર્યો જે હમણાં જ ઊગ્યા હતા. તેનાથી પણ કંઈ થયું નહીં. નિયોલ હજી ત્યાં જ અટકી હતી. *કોણ કાંતશે? કોણ વણશે?*

આખરે, નિયોલના પિતાએ હાર માની લીધી અને મદદ મેળવવા માટે ચાલ્યા ગયા. તેઓ એક હોશિયાર માણસને જાણતા હતા, જે નજીકમાં જ રહેતો હતો. આ માણસ હંમેશાં અટપટી મુશ્કેલીનો ઉકેલ શોધી કાઢતો હતો. કદાચ *તેને* ખબર હોય કે તેની દિકરી, નિયોલ સાથે શું કરવું.

જ્યારે તેના પિતા આ હોશિયાર માણસ સાથે પાછા આવ્યા ત્યારે નિયોલ હજી પણ આગળના પગથિયા પર જ બેઠી હતી. તે એકદમ ધીરેથી ગણગણી રહી હતી. ‘‘કોણ કાંતશે? કોણ વણશે?’’

તે માણસ નિયોલની બાજુમાં બેસી ગયો અને તેને પ્રેમથી પૂછ્યું. ‘‘શું થયું છે?’’

‘‘ઊન’’, નિયોલ ઝડપથી બોલી ઊઠી, તે તેની મોટી મોટી આંખોથી જોઈ રહી હતી. ‘‘આટલું બધું ઊન! તેને કોણ કાંતશે અને કોણ વણશે?’’

તે માણસે કહ્યું. ‘‘અરે હા, ઊન.’’

‘‘તમે તેના વિશે જાણો છો?’’ નિયોલે પૂછ્યું.

‘‘અરે, હા, હા, હું સાચે જ તેના વિશે જાણું છું,’’ તે માણસે કહ્યું. તે થોડું થોભ્યો અને અચાનક જ તેની બોલવાની રીત બદલાઈ ગઈ; તે વધુ ગંભીર થઈ ગયો. ‘‘પરંતુ, શું તેં સમાચાર સાંભળ્યા છે?’’

‘‘કયા સમાચાર?’’ નિયોલે કહ્યું.

તે માણસે એક ઊંડો શ્વાસ લીધો. તેણે તેનું માથું હલાવ્યું. તેણે કહ્યું, ‘‘ખેર, બધું જ ઊન તારા પિતાજીની દુકાનમાં લાવવામાં આવ્યું હતું. પરંતુ પછી... આગ લાગી ગઈ.’’

નિયોલના પિતા આ સાંભળીને ચોંકી ગયા. તેમને કોઈ આગ વિશે ખબર નહોતી! તેઓ કંઈ બોલવા ગયા, પરંતુ તે હોશિયાર માણસે તેમનો હાથે પકડીને તેમને ચૂપ કરી દીધા.

‘‘હા,’’ તે માણસે કહ્યું, તે હજી પણ નિયોલ તરફ જોઈ રહ્યો હતો. ‘‘તારા પિતાની દુકાનમાં આગ લાગી ગઈ હતી. હવે, ચિંતા નહીં કર; દુકાન બચી ગઈ છે. પરંતુ તેં જે ઊન જોયું હતું — ગધેડાંઓની પીઠ પર બાંધેલી બધી ગાંસડીઓ — તે બધી બળીને રાખ થઈ ગઈ છે. જરા પણ ઊન બચ્યું નથી.’’

‘‘જરા પણ ઊન બચ્યું નથી?’’ નિયોલ આશ્ચર્યચકિત થઈને ધીમેથી બોલી.

‘‘જરા પણ ઊન બચ્યું નથી,’’ તે હોશિયાર માણસે કહ્યું.

નિયોલે સ્મિત કર્યું, તેની આંખોમાં ચમક હતી. તે હસવા લાગી.

‘‘જરા પણ ઊન બચ્યું નથી.’’ તે ખિલ ખિલ કરીને હસવા લાગી.

અને પછી નિયોલ કૂદીને ઊભી થઈ ગઈ અને નાચવા લાગી. તે ગોળ ગોળ ફરવા લાગી. તેણે હાથ ઉપર ઉછાળ્યા, તેનું માથું નમાવીને આકાશ તરફ જોવા લાગી. તેના પગ જમીન પર પડતા જ નહોતા.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.